# દેશી રાજ્ય રાધનપુરની સ્થાપના એક ઐતિહાસિક પરીપેક્ષમાં

પટેલ ડિમ્પલ એન.
પીએચ.ડી. સ્ટુડન્ટ,
હે.ઉ.ગુ.યુ.,પાટણ

## પ્રસ્તાવના :-

ઈતિહાસ ભૂતકાળની માનવીય હકીકતોનું અન્વેષણ કરે છે અને તેમાંથી પ્રાપ્ત થતાં દસ્તાવેજોની ચકાસણી કરીને કે પ્રશ્નો પૂછીને આલેખન કરે છે. ઈતિહાસ એ સમાજને અનુલક્ષીને મનુષ્યે ભૂતકાળમાં કરેલી પ્રવૃતિઓનું વિવેચન છે. ઈતિહાસ એ સામાજિક સંબંધોને અનુલક્ષીને મનુષ્યે ભૂતકાળમાં મેળવેલી સિદ્ધિઓ કે નિષ્ફળતાઓનું વિવરણ કહી શકાય છે.

ભારતમાં કુલ ૫૬૨ દેશી રાજ્યો હતા. તેમાંથી ૨૨૨ તો સૌરાષ્ટ્રમાં જ હતા. તેમાંથી અલગ અલગ વિભાજન કરી ગોહિલવાડ, ઝાલાવાડ, સોરઠ અને હાલાર એમ ચાર પ્રાંતોમાં એ વહેંચી નાખવામાં આવ્યા હતા. ૧૯૨૩માં ચાર પ્રાંતોના ચાર વિભાગોને બદલે બે વિભાગ કરવામાં આવ્યા હતા. તેઓને અનુક્રમે વેસ્ટર્ન કાઠીયાવાડ એજન્સી અને ઇસ્ટર્ન કાઠીયાવાડ એજન્સી એવા નામ આપવામાં આવ્યા હતા. ઈ.સ.૧૯૨૪ માં કચ્છ, નવાનગર, મોરબી, ગોંડલ, રાજકોટ, જુનાગઢ, પાલનપુર, રાધનપુર, જાફરાબાદ, ભાવનગર, પાલીતણા, પોરબંદર, ધાંગધ્રા, વાંકાનેર, લીંબડી અને વઢવાણના સત્તર સલામી રાજ્ય સીધા દિલ્હીની દેખરેખ નીચે મૂક્યાં હતાં.

દેશી રાજ્ય રાધનપુરનો ભૌગોલિક પરિચય, રાધનપુર રાજ્યની સ્થાપના વિષે જુદા-જુદા મંતવ્યો અને પ્રાચિન માહિતી રજુ કરેલ છે.

## રાધનપુર રાજ્યનો ભૌગોલિક પરિચય :-

કોઇપણ રાજ્યનો ઈતિહાસ તપાસતા પહેલા તે રાજ્યની ભૂગોળ જાણવી આવશ્યક છે. ગુજરાતના ઉત્તર સીમાડે આવેલું રાધનપુર ૨૩°,૫૦' ઉત્તર અક્ષાંશ અને ૭૧°,૩૯' પૂર્વ રેખાંશ છે. તેની વચ્ચે બનાસ નદીની ઉત્તર દિશામાં પાંચ માઈલ દુર આવેલું છે. ચાર દિશાઓમાં તેનું સ્થાન જોઈએ તો ઉત્તરમાં " ભાભર " અને "તેરવાડા" પૂર્વમાં ગાયકવાડ સરકારનો પ્રાંત, પાટણ દક્ષિણમાં વણોદ, દસાડા અને ઝીંઝુવાડા તથા પશ્ચિમમાં વારાહી, સાંતલપુર તથા તેની આગળ કચ્છનું રણ છે. રાધનપુર રાજ્યનું ક્ષેત્રફળ ૧૧૫૦ માઈલનું છે.

રાધનપુર પહેલાં બલોચ મુસલમાનોના હાથમાં હતું. તે પછી પ્રખ્યાત બાબી વંશમાંથી ઊતરી આવેલા નવાબો અહીં રાજ્ય કરતા હતા. ભારતને સ્વરાજ્ય મળ્યા પછી તે મુંબઈ રાજ્યની અંતર્ગત ગણવામાં આવ્યું અને મુંબઈ રાજ્યના વિભાજન પછી આ પ્રદેશ ગુજરાત રાજ્યમાં ગણાય છે.

### આબોહવા :-

આ શહેરનું ભૂપૃષ્ઠ સમતળ છે. તાલુકો અને શહેર સમુદ્રથી દુર કચ્છના રણ નજીક હોવાથી આબોહવા વિષમ રહે છે. રાધનપુરમાં મેં માસનું સરેરાશ દૈનિક તાપમાન ૪૨° સે. રહે છે. જે કયારેક વધીને ૪૫° સે. સુધી પણ પહોંચી જાય છે. જાન્યુઆરીનું સરેરાશ મહત્તમ અને લઘુત્તમ તાપમાન ૨૮.૪° સે. અને ૧૦.૭° સે. જેટલું રહે છે. અહીં વરસાદ અનિયમિત હોય છે. તેનું સરેરાશ પ્રમાણ માપ ૨૮.૮ મિ.મી. જેટલું જ રહે છે. જે પૈકીના ૫૦ % વરસાદ જુલાઈ મહિનામાંજ પડી જાય છે.

### નદીઓ :-

રાજ્યમાં બનાસ સરસ્વતી તથા રૂપેણ એમ ત્રણ નદીઓ હતી. આ પૈકી બનાસ નદીનું મૂળ અરવલ્લીના ડુંગરોમાં અને તેનો અંત કચ્છના રણમાં થતો હતો. આ નદીમાંથી નગરમાં પાણી લાવવા માટે જોરાવરસર તળાવ સુધી નવ માઈલની એક નહેર બનાવવામાં આવી હતી. બીજી સરસ્વતી નદીનું મૂળ આરાસુર ડુંગરોમાં હતું અને તેનો અંત પણ કચ્છના રણમાં થતો હતો. જયારે ત્રીજી રૂપેણ નદીનું મૂળ આબુના પર્વતોમાં હતું અને તેનો અંત પણ કચ્છના રણમાં થતો હતો આમ ત્રણે નદીઓ કચ્છમાંજ સમાતી હોઈ પાણીના અભાવને કારણે નદી તથા જળમાર્ગ શૂન્ય છે.

### તળાવો :-

રાધનપુરમાં 'વડવાસર' નું તળાવ મહત્વનું હતું. પરંતુ ત્યારબાદ 'અરદેશર' તળાવની અગત્યતા વધી હતી. પછીના વર્ષોમાં સ્કોટ નહેર બનવાથી શહેરની મધ્યમાંનું 'જોરાવરસર' તળાવ નગરની શોભારૂપ બની ગયું હતું. અને તે જયારે છલકાતું ત્યારે શાસકો દ્વારા જાહેર રજા રાખી આનંદોત્સવ ઉજવવામાં આવતો.

### રાધનપુર રાજ્યની સ્થાપના :-

રાધનપુર રાજ્યની સ્થાપના વિશે આપણને જોઈએ તો ઈતિહાસકારોએ ઘણાં મંતવ્યો રજુ કરેલ છે અને તેના પુરાવા પણ આપણને પ્રાપ્ત થાય છે. તેમાંથી અહીં અલગ-અલગ મંતવ્યો પુરાવા સાથે રજુ કરેલ છે.

રાધનપુર ડિરેક્ટરીમાં લખાયેલ ઈતિહાસ મુજબ, રાધનપુરની સ્થાપના વિશે, ચાવડાવંશના રદનદેવે સં.૬૦૨ ના વૈશાખ સુદ ૩ ના રોજ આ શહેર વસાવ્યું, તેથી તેના નામ ઉપરથી રદનપુર નામ હતું, જેમ જેમ વખત લંબાતો ગયો તેમ તેમ નામના રૂપમાં ફેરફાર થઈ રાયધણ નામ કહેવાયું. ઈ.સ.ના સત્તરમાં સૈકામાં તે નામ પણ બદલાઈ જઈ રાધનપુર પડ્યું અને તેજ નામથી હાલ પણ બોલાય છે. રદનદેવ ચાવડો કોના વંશમાં થયો તે જણાયું નથી. પરંતુ કચ્છના પૂર્વભાગમાં ચાવડાનું રાજ્ય હતું. તેમાંના હોય તેમ જાણવા મળે છે. વનરાજ

ચાવડાના ચાવડા સરદારો પૈકી 'રદનદેવ' ચાવડાએ આ શહેરની સ્થાપના કરી હોવાથી તેના નામ પરથી પ્રારંભમાં તે 'રદનપુર' નામે જાણીતું હતું.

બીજા મંતવ્ય મુજબ ' રાધનખાન બલોચ' ના નામ ઉપરથી રાધનપુર નામ પડ્યું હોય તેમ બોમ્બે ગેઝેટિયર, વોલ્યુમ:૫ માં બતાવવામાં આવ્યું છે. પણ તેમ બનવા સંભવ થોડો છે. કારણ કે રાધનખાન બલોચ સત્તરમાં સૈકા પહેલાં થયેલો નથી અને રાધનપુરની આબાદી તે પહેલાંની છે. ઈ.સ.ના તેરમાં સૈકામાં રાધનપુર નામ હોવાનું જૈનોના પુસ્તકો ઉપરથી મળી આવેલ છે.

ઈતિહાસકારોના મત પ્રમાણે ત્રીજું મંતવ્ય એવું આપવામાં આવેલ છે કે રાધનપુરની નજીકમાં આવેલું ભીલડીયા એક કાળે મોટું નગર હતું. ત્યાં જૈનાચાર્ય સોમપ્રભાસુરિ પધાર્યા હતા અને તેમણે નિમિત્તજ્ઞાનથી જોયું કે ભીલડીયાનો સર્વવ્યાપી આગથી નાશ થશે. એ વાત તેમણે શ્રાવકોને જણાવી, ત્યાંના શ્રાવકો આચાર્યશ્રીની સુચનાથી ઉચાળો ભરી અન્યત્ર ચાલ્યા ગયા. તેમાંથી કેટલાક લોકોએ નિવાસ માટે એક સ્થળ પસંદ કર્યું. તે પાછળથી રાધનપુરના નામે પ્રસિદ્ધ થયું.

મુનિરાજશ્રી દર્શન વિજયજી પોતાના " જૈન પરંપરાનો ઇતિહાસ" ભાગ-૨ માં સ્થાપના વિશે ખુલાસો આપે છે કે 'ભીલડીયા'માં સં.૧૩૩૩ ના ચાર્તુમાસમાં સં.૧૩૩૪ બેસતાં બે કાર્તિક મહિના હતા. ચાર્તુમાસ બીજી કાર્તિકી પૂર્ણિમાએ પૂરું થાય, પરંતુ તપગચ્છના આ સોમપ્રભે તેમના આકાદર્શનથી જાણ્યું કે, નજીકના દિવસોમાં ભીલડીયાનો વિનાશ થવાનો છે એટલે તેમણે અપવાદને આશ્રયી પહેલી કાર્તિકી પૂર્ણિમાએ ચોમાસુ પૂરું કર્યું અને ત્યાંથી તરત વિહાર કર્યો, બીજા પણ સાધુ સાધ્વીઓ તથા જૈનો ભીલડીયાથી ઉચાળો ભરી ગયા અને તેમણે એક સ્થળે જઈને નિવાસ કર્યો. એ સ્થળે રાધનપુર શહેર વસ્યું.

ઈતિહાસની દ્રષ્ટિએ જોતા શ્રી સોમપ્રભસુરિ સં.૧૩૫૨ માં આવ્યા હોય એવું અનુમાન છે. કારણકે, સં.૧૩૫૩ ની સાલમાં અલ્લાઉદ્દીનના સુબા અલપખાને પાટણને પાધાર કર્યું તેની સાથોસાથ ભીમપલ્લીને સર્વવ્યાપી આગ લગાડી. ભીમપલ્લીની જમીનને ત્રણ-ચાર હાથ ખોદતાં તેમાંથી રાખ, કોલસા અને બળેલી ઇંટોના થર વગેરે મળી આવે છે અને એ ભૂમિ ઉપર ઊભા કરેલા સં.૧૩૫૪, સં.૧૩૫૫, સં.૧૩૫૬ ના પાળિયાઓમાંથી પણ એ વાત પુરવાર થાય છે.

ચોથા અભિપ્રાય મુજબ જોઈએ તો રાધનપુરની સ્થાપના " સરધરા " શાખાના વાઘેલા રાજવી લુણાજી પરથી 'લુણાવાડા' નામ અસ્તિત્વમાં આવ્યું હતું. જયારે ડૉ.ઓઝાના મત મુજબ શરૂથી જે આ રાજ્યની જમીન ખારોપાટ હોવાથી મીઠા માટે 'લુણ' શબ્દ પ્રચલિત હોવાથી 'લુણાવાડા' નામ અસ્તિત્વમાં આવ્યું હશે. આ લુણાવાડા શહેર સોળમી સદીમાં અમદાવાદના જોરાવર અમીર ફત્તેહખાન બલોચના કબજામાં જમીનદારો તરીકે આવ્યું. આ ફત્તેહખાન

બલોચના વંશમાં રાધનખાન નામનો એક તાકાતવાળો અમીર થયો તેણે લુણાવાડાનું નામ બદલીને પોતાના નામ ઉપરથી રાધનપુર પાડ્યું. આમ, સોળમી સદીમાં લુણાવાડા રાધનપુર નામે ઓળખાયું.

પાંચમાં અભિપ્રાય મુજબ શાસક જવાંમર્દખાન બીજાને ઈ.સ.૧૭૫૩ માં અમદાવાદથી સત્તા માટે જયારે મરાઠાઓ અને વડોદરાના ગાયકવાડના સયુંકત સૈન્યો સાથે જંગ થયો ત્યારે જવાંમર્દખાન પરાજીત થતાં તેને નાસી જવાની ફરજ પડી, મરાઠી સૈન્યે તેનો પીછો પકડ્યો પણ તે હાથમાં ન આવતાં મરાઠી સૈન્યે ખંડેરાવ ગાયકવાડની આગેવાની નીચે તેના પ્રાંતો પર હુમલો કર્યો. કે જે ઈ.સ.૧૭૬૮ સુધીમાં ઉગ્ર જંગ સ્વરૂપે પરિવૃત્ત થયો, બીજી તરફ જવાંમર્દખાનની નાસભાગ ચાલુ હતી અને અત્યારે જે સ્થળે 'રાધનપુર' નગર છે ત્યાં તે આવ્યો અને તેનો પીછો કરતું મરાઠી સૈન્ય પણ આવ્યું. બાબીઓના સર્વનાશનો નિર્ધાર કરી ચૂકેલા મરાઠી સૈન્યના હાથમાં જવાંમર્દખાનની પકડાઈ જવાની ઘડીઓ ગણાતી હતી. તેવામાં 'રાધુ ભરવાડ' નામના એક મુખીનો નેસડો નજીકમાં હતો, તેમાં જવાંમર્દખાને રાધનપુર આશ્રય લેતા 'રાધુ ભરવાડ' શરણાગત પ્રત્યેનો ધર્મ અદા કરી ખેરાના તમામ ભરવાડોને મરાઠી સૈન્ય સામે ગોઠવ્યા અને ટક્કર ઝીલી, પરંતુ આમ પ્રજાનો વિરોધ કરવાની ગાયકવાડની રાજનીતિ ન હોઈ અને ભરવાડો આમ પ્રજાના ભાગરૂપ હોઈ તેઓ સામે યુદ્ધ થાય તે લાંબા સમયે નુકશાન કરે તેવું જણાતાં મરાઠાઓએ પીછેહઠ કરી અને આ પ્રમાણે જવાંમર્દખાન બચી ગયો. આ ઋણને ચુકવવા માટે 'અણહીલ ભરવાડ' ના નામ પરથી જેવી રીતે વનરાજે 'અણહીલપુર પાટણ'ની સ્થાપના કરી હતી તેવી જ રીતે જવાંમર્દખાને આ નેસડાની જમીન પસંદ પડવાથી તે જ સ્થળે તેની યાદમાં શહેરની સ્થાપના કરી અને 'રાધનપુર' નામ રાખ્યું. જવાંમર્દખાને રાજ્યની સ્થાપના કરી હોવાના પુરાવા ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૮ માં પણ રજુ કરેલ છે.

આમ, ઉપર પ્રમાણેના રાધનપુરની સ્થાપના વિશેના અલગ-અલગ મંતવ્યો પ્રમાણે તારણ કાઢી શકાય કે આ રાજ્યની સ્થાપનાકાળથી જ તેનું મૂળ નામ 'રદનપુર' હતું કે જે ક્રમશઃ અપભ્રંશ થઈને 'રાયધણપુર' અને ત્યારબાદ લોકભાષાના પ્રદાનથી હાલનું નામ 'રાધનપુર' અસ્તિત્વમાં આવ્યું.

આ રાજ્ય ૧૭૫૭માં જવાંમર્દખાને સ્થાપ્યું હતું. એનો વિસ્તાર ૨૯૭૮.૫ ચો.કી.મી. અને વસ્તી ૧૯૨૧ માં ૬૭,૭૮૯ અને આવક રૂ. ૮,૨૬,૬૩૩ હતી.શેરખાનના સમયમાં સિંધના ખોસા લોકોના હુમલાથી કંટાળીને એમણે અંગ્રેજોની મદદ માંગી. ૧૮૧૯ માં કર્નલ બર્કલેએ એમને મારી હઠાવ્યા. મેજર માઈલ્સે રાધનપુર રાજ્ય સાથે પરસ્પર સહકારના અને દુશ્મન કે લુંટારાઓને આશ્રય ન આપવા કરાર કર્યો. તા.૧૮/૦૨/૧૮૨૨ માં રૂ.૧૭,૦૦૦/- વાર્ષિક ખંડણી આપવા રાજ્યે કબુલ કર્યું, પણ નવાબની એ ભરવાની અશકિતના કારણે પાછળથી એ રદ

કરવામાં આવી. શેરખાન ૧૮૨૫ માં મૃત્યુ પામતાં એમનો ત્રણ વર્ષનો પુત્ર જોરાવરખાન ગાદીએ આવ્યો. ૧૮૩૭ સુધી નવાબની સગીરાવસ્થા દરમ્યાન બ્રિટિશ અધિકારીનું શાસન રહ્યું. નવાબે ૫૭ વર્ષ સુધી શાસન કર્યું. ઓક્ટોબર ૧૮૭૪ માં એ મરણ પામતાં બિસ્મિલ્લાખાન ગાદીએ આવ્યા. મહેસુલ અને ન્યાય ખાતામાં એમણે સુધારા દાખલ કર્યો અને ૧૮૫૭માં અંગ્રેજી શાળા અને પુસ્તકાલય ખોલ્યા. ખેડૂતોને ખેતી માટે પાણી મળી રહે તે માટે કેનાલ ખોદી ખેતીવાડીને પ્રોત્સાહન આપ્યું. તેમજ વઢિયાર બેન્ક સ્થાપી સસ્તા દરે ખેડૂતોને ધિરાણની સગવડ પૂરી પાડી.

## રાધનપુરના પ્રાચીન નામો :-

રાધનપુરને પ્રાચીન સમયમાં જુદા-જુદા નામોથી ઓળખવામાં આવતું હતું. તેમાં ‘રદનપુર’, ‘રાયધણપુર’, ‘લુણાવાડા’, ‘વઢિયાર’, ‘વૃદ્ધિપથક’ અને ‘ રાધનપુર’ જેવા અનેક નામોથી ઉલ્લેખ કરવામાં આવતો હતો. કે જેનો નિર્દેશ પ્રાચીન ગ્રંથો, દાનશાસનો, તામ્રપત્રો, લોકગીતો તથા દંતકથાઓમાં છે.

## સમાપન :-

દેશી રાજ્ય રાધનપુરની સ્થાપના વિશે આપણે ઈતિહાસકારોના તેમજ મુનિરાજ શ્રી દર્શનવિજયજી તેમજ શ્રી સોમપ્રભસુરિ વગેરેના ભિન્ન ભિન્ન મંતવ્યો દ્વારા આ રાજ્યની સ્થાપના તથા તેનું નામ કેવી રીતે પડ્યું તેના ચોક્કસ પુરાવા સાથે માહિતી મળેલ છે. તેમજ આ રાજ્યમાં મુસ્લિમ શાસકોના શાસન દરમ્યાનનો ભવ્ય ઐતિહાસિક વારસો ધરાવે છે. આ મુસ્લિમ શાસકોએ રાધનપુરમાં વસવાટ કરતા લોકો માટે શિક્ષણ માટે અંગ્રેજી શાળા તેમજ લાયબ્રેરી, ખેડૂતોને ખેતી માટે પાણી મળી રહે તે માટે કેનાલની સગવડ કરી આપી હતી. તેમજ ખેડૂતોને ધિરાણ મળી રહે તે માટે બેન્કની પણ સગવડ કરી આપી હતી.

**સંદર્ભ સૂચી :-**

૧) મુનિ વિશાલવિજયજી, 'શ્રી રાધનપુર પ્રતીમાલેખ સંદોહ', શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ગાંધી ચોક, ભાવનગર ૧૯૬૦

૨) મહેતા જેઠાલાલ બાવાલાલ, 'રાધનપુરી ડીરેક્ટરી' ૧૮૯૫

૩) હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી અને રસિકલાલ છોટાલાલ પરીખ, "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ" – ભાગ-૮, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ

૪) રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ-૬, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ

૫) શુકલ જયકુમાર, ' રાધનપુરનો ઈતિહાસ અને તેનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય', ધીરુભાઈ ઠાકર, અમદાવાદ: ગુજરાતી વિશ્વકોષ,૧૯૯૨

૬) ઠક્કર ભરતકુમાર.ટી, ' સમી અને રાધનપુર રાજ્યના બાબી શાસકોનો ઈતિહાસ', અપ્રકાશિત મહાશોધ નિબંધ, ગુ.યુનિ.અમદાવાદ